# ખાડીપૂરના ઉકેલ માટે મેગા પ્લાન તૈયાર

**દિવાળી** બાદ ડ્રેજિંગ-ખાડી પહોળી કરવાની કામગીરી શરૂ થશે

મહિનાના અંતમાં મુખ્યમંત્રી સમક્ષ અંતિમ પ્રેઝન્ટેશન

સુરતઃ છેલ્લાં કેટલાંક વર્ષોથી ખાડીપૂરની ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલા સુરતને કાયમી ધોરણે આ સમસ્યામાંથી મુક્તિ અપાવવા રાજ્ય સરકારના સીધા માર્ગદર્શન હેઠળ મનપા દ્વારા હવે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. ખાડીપૂરના કાયમી નિવારણ માટે ટૂંકા અને લાંબા ગાળાના ઉપાયો સૂચવતો માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે મનપાએ કન્સલ્ટન્ટ એજન્સીને કામગીરી સોંપી હતી. એજન્સી દ્વારા શહેરમાંથી પસાર થતી વિવિધ ખાડીઓ, તેમાં મર્જ થતી નાની-મોટી કોતરો તેમજ બારડોલી તાલુકામાં ખાડીઓના ઉદભવસ્થાનથી લઈને મીંઢોળા નદી સુધીનો ડ્રોન સરવે અને મોડલ રન પૂર્ણ કરી પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

સોમવારે રાજ્યના શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ. થેન્નારાસનની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચસ્તરીય કમિટીની બેઠકમાં કન્સલ્ટન્ટ એજન્સી દ્વારા આ પ્રાથમિક તારણો અને સૂચિત ઉપાયોનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. જોકે, પ્રથમ તબક્કામાં લાંબી પ્રક્રિયા બાદના ઉપાયો કરતાં તાત્કાલિક અમલમાં મૂકી શકાય તેવાં કામો અલગ તારવીને ઝડપથી કાર્યવાહી શરૂ કરવા પ્રિન્સિપલ સેક્રેટરી દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. જેના પગલે સોમવારે સાંજે ફરી વિડીયો કોન્ફરન્સ મારફતે કમિટીની બેઠક યોજાઈ હતી.

આમ, વર્ષોથી સુરત માટે પડકાર બનેલા ખાડીપૂરના પ્રશ્ને હવે માત્ર સર્વે અને ચર્ચાથી આગળ વધી તાત્કાલિક કામો, ટેન્ડર પ્રક્રિયા અને લાંબા ગાળાના માસ્ટર પ્લાન એમ ત્રણેય સ્તરે કામગીરી શરૂ થવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.

### પહેલા કાંપ કઢાશે, જ્યાં જગ્યા છે ત્યાં ખાડી પહોળી કરાશે: કમિશનર બેનીવાલ

રાજકુમાર બેનીવાલે જણાવ્યું હતું કે, કન્સલ્ટન્ટે સૂચવેલા વિવિધ ઉપાયોમાંથી પ્રથમ તબક્કામાં તાત્કાલિક અમલ કરી શકાય તેવાં કામો ઝડપથી હાથ ધરવામાં આવશે. હાલમાં ખાડીઓમાં ફરીથી કાંપ જમા થયો હોવાથી ડ્રેજિંગ કરવાની કામગીરી તેમજ જ્યાં શક્ય હોય ત્યાં ખાડી પહોળી કરવાની કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ખાડીપૂર નિવારણ માટેના કામ ત્રણથી ચાર તબક્કામાં હાથ ધરવાનું આયોજન છે. પ્રથમ તબક્કાની કામગીરી માટે દિવાળી સુધીમાં જરૂરી પ્રક્રિયા અને તૈયારીઓ પૂર્ણ કરી દિવાળી બાદ તુરંત કામ શરૂ કરવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. ઉપરાંત ટૂંકા ગાળાના ઉપાયો માટે આગામી સપ્તાહે સ્થાયી સમિતિ સમક્ષ સૈદ્ધાંતિક મંજૂરી અથવા અગાઉ મંજૂર ભાવ-શરતોના આધારે એજન્સીઓ પાસેથી સંમતિ મેળવી કામગીરી સોંપવા અંગેની દરખાસ્ત રજૂ થાય તેવી શક્યતા છે.

### મુખ્યમંત્રીનું સીધું મોનિટરિંગ, ધારાસભ્યો-સાંસદોનાં સૂચનો બાદ અંતિમ પ્રેઝન્ટેશન

સુરતના ખાડીપૂર નિવારણ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું સીધું મોનિટરિંગ હોવાની માહિતી મળી છે. તેના કારણે શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીની અધ્યક્ષતામાં દર સપ્તાહે કમિટીની બેઠકો યોજાઈ રહી છે અને કન્સલ્ટન્ટના અભ્યાસના આધારે તબક્કાવાર નિર્ણય લેવામાં આવી રહ્યા છે. કમિટીની બેઠકમાં રજૂ થયેલા પ્રાથમિક રિપોર્ટ અને ટૂંકા ગાળાના ઉપાયો અંગે આગામી બે-ત્રણ દિવસમાં શહેર અને જિલ્લાના ધારાસભ્યો તથા સાંસદો સાથે સંકલન બેઠક યોજવામાં આવશે. આ બેઠકમાં ચુંટાયેલા પ્રતિનિધિઓના સૂચનો અને અભિપ્રાયો પણ રિપોર્ટમાં સામેલ કરવામાં આવી શકે છે. ત્યારબાદ જરૂર જણાય તો પ્રેઝન્ટેશનમાં સુધારા-વધારા કરીને ચાલુ મહિનાના અંતમાં મુખ્યમંત્રી સમક્ષ અંતિમ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવશે.

# બીસીજીની પ્રથમ બેઠકમાં જ મહત્ત્વના ત્રણ ઠરાવો કરાયા

**અરનેશકુમાર** જજમેન્ટ અંગે સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટિશન, જુનિયર વકીલોને માસિક સ્ટાઇપેન્ડ, એડ્વોકેટ પ્રોટેક્શન એક્ટ માટેની દરખાસ્ત મંજૂર

સુરતઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તાજેતરમાં યોજાયેલી મહત્ત્વની બેઠકમાં વકીલ આલમ અને રાજ્યના કાયદાકીય ક્ષેત્રને સ્પર્શતા ત્રણ અત્યંત મહત્ત્વપૂર્ણ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા છે. કાઉન્સિલના અધ્યક્ષ સ્થાનેથી રજૂ કરવામાં આવેલી ત્રણેય દરખાસ્તને બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોએ મંજૂરી આપી હતી. આ અંગે બીસીજી સભ્ય હિરલ પાનવાલાએ જણાવ્યું હતું કે, આ બેઠકમાં બીસીજીના ચેરમેન પી.ડી.પટેલનાં અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલી આ દરખાસ્તમાં પોલીસ દ્વારા 'અરનેશ કુમાર સામે બિહાર સરકાર'ના ઐતિહાસિક ચુકાદાનું ખોટું અર્થઘટન કરવામાં આવી રહ્યું હોવાનું સામે આવ્યું છે.

આ અંગે યોગ્ય સ્પષ્ટતા અને સુધારા અર્થે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટિશન દાખલ કરવાનો નિર્ણય કરાયો છે. બીજા ઠરાવમાં નવી પ્રેક્ટિસ શરૂ કરતા જુનિયર એડ્વોકેટ્સને આર્થિક ટેકો મળી રહે એ માટે તેમને દર મહિને ૫,૦૦૦નું સ્ટાઈપેન્ડ આપવા માટે રાજ્ય સ્તરે ખાસ સ્કીમ બહાર પાડવા ગુજરાત સરકારને સત્તાવાર રજૂઆત કરવામાં આવશે. તેમજ વકીલોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે 'એડ્વોકેટ પ્રોટેક્શન એક્ટ'નો ખરડો (ડ્રાફ્ટ) તૈયાર કરી આગામી દિવસોમાં રાજ્ય સરકારને મંજૂરી અર્થે મોકલી આપવાનો મહત્ત્વનો ઠરાવ કરાયો છે. દરમિયાન બીસીજીના ચેરમેન પી.ડી.પટેલે જણાવ્યું હતું કે, ત્રણ રાજ્યમાં એડ્વોકેટ પ્રોટેક્શન એક્ટ'નો અમલ થાય છે. ગુજરાતમાં લાગુ થાય તો વકીલ અને તેનાં પરિવારને સુરક્ષા મળશે. તેમજ છેલ્લા આઠ મહિનાથી માંદગી અને મૃત્યુ સહાય પેન્ડિંગ છે. જે કામને અગ્રતા ક્રમે હાથ પર લઈને આગામી દસ દિવસમાં સહાય ચૂકવી દેવામાં આવશે. આ બેઠકમાં સુરતના બાર કાઉન્સિલના સભ્યો ઝકી શેખ, હરેશ નાકરાણી, પ્રીતિબેન જોષી, હિરલ પાનવાલા, હિતેશ પટેલ તથા ભાવેશ રબારી ઉપસ્થિત રહ્યા હતા. તમામ સભ્યોએ એકસૂરે વકીલોના હિતમાં લેવાયેલા આ નિર્ણયોને આવકારી સમર્થન જાહેર કર્યું હતું.

# પાલિકા કચરો નહીં ઉઠાવતી હોવાથી ગણેશ ભક્તોમાં આક્રોશ

**નવાપુરા** લીમડી શેરીમાં પૂજા-ભંડારાના કારણે કચરો વધ્યો

**સવારથી** દશ વખત રજૂઆત કરી છતાં કચરો રાત સુધી જેમનો તેમ



સુરતઃ ગણેશોત્સવ પર્વને લઈ શહેરભરમાં ઠેરઠેર ગણેશ પંડાલો, પૂજા-અર્ચના અને ભંડારાઓનું આયોજન થઈ રહ્યું છે. જેના કારણે સામાન્ય દિવસોની સરખામણીએ કચરાનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે વધ્યું છે. આવા સમયે મનપાની ડોર ટુ ડોર કચરો ઉઘરાવતી ગાડીઓ નિયમિત અને સમયસર નહીં આવતી હોવાની ફરિયાદો ઊઠી રહી છે. ખાસ કરીને કોટ વિસ્તારમાં આવેલી લીમડી શેરીમાં ડોર ટુ ડોરની ગાડી કચરો નહીં ઉપાડતી હોવાથી ગણેશ મંડપની આસપાસ કચરો હોવાથી ગણેશ ભક્તોમાં નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગણેશોત્સવ દરમિયાન વિસ્તારમાં વિવિધ સ્થળોએ પૂજા અને ભંડારાનું આયોજન થઈ રહ્યું હોવાથી મોટી માત્રામાં કચરો એકત્ર થાય છે. પરંતુ કચરો ઉઘરાવવા માટે મનપાની ગાડીઓ સમયસર આવતી નથી. આ અંગે વોર્ડ ઓફિસમાં ફરિયાદ કરવા છતાં સમસ્યાનું કાયમી નિરાકરણ આવ્યું નથી. સ્થાનિકોનો એવો પણ આક્ષેપ છે કે, લીમડી શેરી માટે ફાળવવામાં આવેલી ડોર ટુ ડોરની ગાડીઓ અન્ય વિસ્તારોમાં ડાયવર્ટ કરી દેવામાં આવી છે.

ગણેશોત્સવ દરમિયાન કચરાનું પ્રમાણ વધવાનું હોવા છતાં મનપા દ્વારા વધારાની વ્યવસ્થા કેમ કરવામાં આવી નથી તે અંગે પણ સ્થાનિકોમાં ચર્ચા છે. હવે મનપા તંત્ર સમયસર કચરો ઉઠાવવાની વ્યવસ્થા ગોઠવે તેવી માંગ ઊઠી છે.



# બેંગ્લુરુથી ચાર દિવસની ટ્રક મુસાફરી કરી સુરત પહોંચ્યા હતા ઈકો ફ્રેન્ડલી ગણપતિ

**સલાબતપુરા** બાલાભાઈની શેરીમાં બાલા સરકાર ગ્રુપે 5.50 કિલો ટીસ્યુમાંથી તૈયાર કરાવેલી ગણેશ પ્રતિમા બની આકર્ષણનું કેન્દ્ર

સુરતઃ ગણેશોત્સવ દરમિયાન અલગ પ્રકારની ગણેશ પ્રતિમાના દર્શન માટે ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સલાબતપુરા બાલાભાઈની શેરી ખાતે બાલા સરકાર ગ્રુપ દ્વારા આ વર્ષે ઇકો ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. ખાસ વાત એ છે કે, છેલ્લાં બે વર્ષથી બાલા સરકાર ગ્રુપ દ્વારા ગણેશજીની પ્રતિમા બેંગ્લુરુથી ટ્રક મારફતે સુરત લાવવામાં આવે છે. આ વર્ષે પણ બેંગ્લુરુ ખાતે તૈયાર કરવામાં આવેલી ગણેશજીની અનોખી પ્રતિમાને ટ્રક મારફતે સુરત લાવવામાં આવી હતી.

ગણેશ પ્રતિમા તૈયાર કરવા માટે આશરે 5.50 કિલો ટીસ્યુનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અલગ પ્રકારની સામગ્રીમાંથી તૈયાર કરવામાં આવેલી આ પ્રતિમાને ઈકો ફ્રેન્ડલી સ્વરૂપ આપવામાં આવ્યું છે. બેંગ્લુરુથી સુરત સુધી ગણેશજીની પ્રતિમાને ટ્રક મારફતે લાવવામાં આશરે ચાર દિવસનો સમય લાગ્યો હતો. લાંબી ટ્રક મુસાફરી બાદ ગણેશજીની પ્રતિમા સુરત પહોંચતાં બાલા સરકાર ગ્રુપના સભ્યો દ્વારા તેને બાલાભાઈની શેરી ખાતે આવેલા મંડપમાં લાવી સ્થાપિત કરવામાં આવી હતી. છેલ્લાં બે વર્ષથી બેંગ્લુરુથી ગણેશ પ્રતિમા લાવવાની પરંપરા જાળવી રાખવામાં આવી છે. આ વર્ષે ઈકો ફ્રેન્ડલી પ્રતિમા હોવાથી તેની બનાવટ અને સામગ્રી અંગે પણ લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.






ચેતન, દક્ષા, હેની, પરી, ઈશાન - મોટા મંદિર, ગોપીપુરા

ઐશ્વર્યા, મનય - સર્જન સોસાયટી, પાર્લે પોઈન્ટ

ભાવિન રાજુભાઈ પટેલ પર્વત પાટિયા

ક્ષિતિજ, હેત, ઓમ, મિલિંદ, રિકેન - વિઘ્નરાજ ગ્રુપ, આકાશદર્શન અપાર્ટમેન્ટ, પ્રાઈમ આર્કેડ

રીયા મિતેશ વસણવાળા - કાશી કોર્નર એપાર્ટમેન્ટ, મજુરા ગેટ

પ્રથમ, પહેલ, નીરવ ડોક્ટરવાલા નવાગામ, ડિંડોલી, સુરત

અવિરા વેકરિયા - સત્વમ ફ્લેટ્સ, પાલ

કવિરા નિકેત પટેલ - અલથાણ

હૃદય હર્ષદ પટેલ - દીપલી ગામ

અમિતકુમાર બુંદેલા - સુમન નિસર્ગ, કોઝવે રોડ, સિંગણપોર

સમર પંકજ લખાણી - રિવર પેલેસ, પીપલોદ

વિયાના શનિ જલાલપોરવાળા કિંગ્સલે, ગ્રીન સિટી રોડ, ભાઠા

નીતા મહેતા - શાંતિનિકેતન રો હાઉસ, આનંદ મહલ રોડ, અડાજણ

વિજય ઘારીવાલા - ન્યૂ જર્સી, USA

રેયાંશ, નેયાંશ, જયકુમાર પટેલ સ્મિત રેસિડેન્સી, પાલનપુર ગામ

મનોજ ગુડલક, ચેતન પાનવાલા, ભદ્રેશ સોપારીવાલા - સિટીલાઈટ

તેજલ, વિનીતા, ભૂમી, ડિમ્પલ, હેતલ, કાજલ, કોમલ, જ્યોતિ, રોશની - જહાંગીરાબાદ

પિનલ પટેલ - ડભોલી

દેવી, સાગર - ગુજરાત ગેસ સર્કલ, અડાજણ

પ્રવેશ ભુતરા, પ્રિયંકા સિટી પલ્સ, ગોડાદરા

ડિમ્પલ જરીવાલા રામપુરા મેઈન રોડ

જ્યોતિ, ધર્મેશ - ચકાવાળા ની શેરી, વાડી ફળિયા

ઉર્વશીબેન ઠક્કર, પંક્તિતાબેન મોદી, નયનાબેન પ્રજાપતિ, મીનાબેન પટેલ - કૃષ્ણધામ સોસાયટી, પીપલોદ

અશોક-ભાવના રાણા - કે.એન.પાર્ક સોસાયટી, યુ.એમ. રોડ

અનિષા મશરૂવાલા બમરોલી રોડ, ઉધના